PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/કવા–૦૩/૧૭–૧૮/ 1260(4) તા. 09-02-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ધીરજકુમાર મિશ્રા,
અક્ષર ધામ રેસી. – બ્લોક નં–૧૦૬–એ,
વેરાવળ (શાપર)
તા. કોટડા સાંગાણી
જી: રાજકોટ
મો: ૮૯૦૫૯ ૭૮૮૧૯

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૦/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૦/ક્વા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૦–૦૧–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ધીરજકુમાર મિશ્રા, ગામ: શાપર (વેરાવળ)**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ધીરજકુમાર મિશ્રા રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ગામ:શાપર (વેરાવળ) ખાતે ભાડુઆત તરીકે ગ્રાહક નં.: ૩૩૪૦૭/૦૩૬૫૭/૪ – થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. તેઓને સામાન્ય રીતે સરેરાશ ૧૦૦૦/– નુ બીલ આવે છે. પરંતુ, માહે જુલાઈ મા તેઓને રૂ.૮,૧૪૭/– નુ વીજબીલ આવેલ છે. જે અન્વયે તેઓએ પેટા વિભાગીય કચેરી મા તા.૦૮–૧૦–૧૭ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ દ્વારા – લેખીત અરજી કરેલ તેમજ અવાર નવાર પુછપરછ કરેલ હોવા છતા – તેમના પ્રશ્ન નો નિકાલ કરાયેલ નથી. આમ,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ધીરજકુમાર મિશ્રા, ગામ:શાપર (વેરાવળ) મા અક્ષરધામ રેસી. બ્લોક નં.૧૦૬ (એ) ખાતે ભાડુઆત તરીકે રહે છે. જે ઘરના વીજ જોડાણ નંબર: ૩૩૪૦૭/૦૩૬૫૭/૪ થી રમેશભાઈ ધરમશીભાઈ પાંભર ના નામે ઘરવપરાશ હેતુ નુ વીજજોડાણ ધરાવે છે. સદર અરજદાર ને માહે જુલાઈ નુ વીજબીલ ૧૨૩૨ યુનીટ નુ તેઓના સરેરાશ વીજવપરાશ કરતા વધારે છે. સદર અરજદાર નુ વીજ મીટર તા.૦૫–૦૭–૧૭ ના રોજ પેટા વિભાગીય કચેરી દ્વારા બદલાવેલ, જેની વિગત નીચે મુજબ છે. |

| Particulars | Old Meter Replace Dt.05.07.17 | New Meter Installed Dt.05.07.17 | Old Meter-As per MTLab Dt.29.09.17 |
|---|---|---|---|
| Make | HPL | HPL | HPL |
| Meter No | 01655782 | 03248590 | 01655782 |
| Capacity | 5-30 A. | 5-30 A. | 5-30 A. |
| C. Reading | 3558 | 02 | 3558.1 |
| REMARKS | ચેકીગ શીટ – આરઆડી – ૯૩૨૫૫– મુજબ, પંખા –૦૩, સીએફએલ લેમ્પ –૫, ટીવી –૧ કુલ વીજભાર ૬૨૫ વોટ જણાયેલ છે. | | મીટર ના સીલો બરાબર છે. એકયુચેક લેતા મીટર મીટર ના બરાબર ફરતુ જણાયેલ છે. |

અરજદાર ની મીટર ની ચકાસણી બાબતે પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૦૪–૦૯–૧૭ ના રોજથી (૧) તા.૦૮–૦૯–૧૭ (૨) તા.૧૫–૦૯–૧૭ (૩) તા.૨૨–૦૯–૧૭ દ્વારા હાજર રહેવા માટે જાણકારી આપેલ હોવા છતા, ગ્રાહક કે તેમના વતી કોઈપણ – એકપણ મુદત મા હાજર ન રહેતા એક તરફી મીટર ની ચકાસણી તા.૨૯–૦૯–૧૭ ના રોજ કરવામા આવેલ હતી. જેમા – સદર મીટર ની આંતરીક રચના અને ટેસ્ટ પરીણામ બરાબર જણાયેલ છે. જેથી, અરજદાર ને અપાયેલ વીજબીલ – માહે જુન–જુલાઈ– ૧૭ બીલ્ડ ઈન માહે ઓગષ્ટ–૧૭ નુ ૧૨૩૨ યુનીટ નુ રૂ.૮,૬૪૪/૬૪– નુ વીજબીલ અપાયેલ છે, તે યોગ્ય છે. તેમજ, વીજ મીટર બદલ્યા બાદ – સદર

| | |
|---|---|
| | અરજદાર ના વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૭ મા પણ ૫૪૯ યુનીટ અને માહે ઓકટોબર–નવેમ્બર– ૨૦૧૭ મા ૩૪૮ યુનીટ નોંધાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા થયેલ વીજવપરાશ – પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ અહેવાલ મા પી.આર.ટી.–૧૪૫ મુજબ – નીચે મુજબ છે. |

કોષ્ટક – (૧)

| Billing Month | Current Reading | Previous Reading | Difference Reading |
|---|---|---|---|
| OCT-NOV-16 Billed in Dec-16 | 2080 | 1981 | 99 |
| DEC-JAN-17 Billed in Feb-17 | 2154 | 2080 | 74 |
| FEB-MAR-17 Billed in Apr-17 | 2219 | 2154 | 65 |
| APR-MAY-17 Billed in Jun-17 | 2326 | 2219 | 107 |
| JUN-JUL-17 Billed in Aug-17 | 3558 | 2326 | 1232 |
| AUG-SEP-17 Billed in Oct-17 | 551 | 2 | 549 |
| OCT-NOV-17 Billed in Dec-17 | 899 | 551 | 348 |
| DEC-17 Billed in Jan-18 | 975 | 899 | 76 |

તદઉપરાંત, પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ – સદર સવાલવાળા મીટર નો એમ.આર.આઈ. અહેવાલ મુજબ – મહતમ ડિમાન્ડ અને માસ વાર થયેલ વીજવપરાશી યુનીટ નીચે મુજબ છે.

કોષ્ટક – (૨)

| Month | KWH | MD KW | MD DATE |
|---|---|---|---|
| AUGUST | 1898.3 | 0.38 | 15.8.16 |
| SEPTEMBER | 2000.2 | 0.35 | 02.09.16 |
| OCTOBER | 2049.2 | 0.29 | 04.10.16 |
| NOVEMBER | 2093.6 | 0.16 | 04.11.16 |
| DECEMBER | 2130.3 | 0.13 | 02.12.16 |
| JANUARY | 2157.2 | 0.13 | 02.01.17 |
| FEBRUARY | 2181.9 | 0.26 | 03.02.07 |
| MARCH | 2231.7 | 0.27 | 22.03.17 |
| APRIL | 2308.6 | 0.39 | 01.04.17 |
| MAY | 2331.4 | 0.13 | 01.05.17 |
| JUNE | 3375.6 | 0.7 | 28.06.17 |
| JULY | 3558.1 | 0.6 | 14.07.17 |

અરજદાર ની વીજબીલ ની ફરીયાદ બાબતે – માહે જુન–જુલાઈ– ૧૭ નુ બીલ તા.૨૬–૦૭–૧૭ ના વીજવપરાશ મા અસામાન્ય ૧૨૩૨ યુનીટ નો વીજવપરાશ મુજબ બીલ આપેલ છે. જે તેમના સરેરાશ વીજવપરાશ કરતા – ખૂબજ વધુ આવેલ છે. સદર અરજદાર નુ વીજબીલ માહે એપ્રીલ – મે– ૧૭ બીલ્ડ ઈન માહે જુન–૧૭ – બીલ તા.૨૫–૦૫–૧૭ મુજબ – તેઓનો વીજવપરાશ ૧૦૭ યુનીટ બતાવેલ છે. વધુમા ઉપરોક્ત કોષ્ટક – (૨) મુજબ – માહે જુન માસ મા મહતમ એમ.ડી. ૦.૬ કીવો અને માહે જુલાઈ માસ મા મહતમ એમ.ડી. ૦.૭ કીવો જણાયેલ છે.

કોષ્ટક – (૩)

| Month | KWH | UNIT | MD KW | CONSUPMTION DURING MONTH AS PER RECORDED MD | MD DATE |
|---|---|---|---|---|---|
| APR-MAY Billed JUN-17 Date: 25-05-17 | | | | | |
| MAY | 2231.4 | | 0.13 | 96.72 | 01.05.17 |
| JUNE | 3375.6 | 1144.2 | 0.7 | 504 | 28.06.17 |
| JULY | 3558.1 | 182.5 | 0.6 | 446.4 | 14.07.17 |
| JUN-JUL Billed Date: 26-07-17 | Total | 1326.7 | | 950.4 | |

પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા વીજ ચેકીંગ શીટ નં.: ૯૩૨૫૨ તા.૨૫–૦૭–૧૭ મુજબ – સવાલવાળુ મીટર બદલાવેલ – તે પ્રમાણે તેના છેલ્લા રીડીંગ ૩૫૫૮ હતા, અને જોડેલ કુલ વીજભાર ૬૨૫ વોટ જણાયેલ છે. એક તરફી મીટર ની ચકાસણી તા.૨૯–૦૯–૧૭ ના રોજ કરવામા આવેલ હતી. જેમા – સદર મીટર ની આંતરીક રચના અને ટેસ્ટ પરીણામ બરાબર જણાયેલ છે. તેમજ ઉપરોકત કોષ્ટક –(૩) મુજબ મહતમ એમ.ડી. મુજબ ૨૪ કલાક પ્રમાણે જુન માસ મા ૫૦૪ યુનીટ અને જુલાઈ માસ મા ૪૪૬.૪ યુનીટ, આમ કુલ જુન અને જુલાઈ માસ નો વીજવપરાશ મહતમ એમ.ડી. મુજબ ૯૫૦ યુનીટ થાય છે. જયારે રીડીંગ મુજબ – વીજવપરાશ ૧૩૨૬.૭ યુનીટ થાય છે. જે પરથી કહી શકાય કે – મીટર મા વીજવપરાશી યુનીટ ની નોંધણી અસામાન્ય જણાયેલ છે. જેથી, સદર બાબતે – સવાલવાળા મીટર બાબતે – મીટર મેન્યુફેકચરીગ કંપની માથી અભિપ્રાય જરૂરી હોય – તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવા – પીજીવીસીએલ પક્ષકાર ને જણાવેલ, જે અનુસંધાને – સદર મીટર ને મીટર મેન્યુફેકચરીગ કંપની મા વધુ ખરાઈ અર્થે મોકલવામા આવેલ, જે અન્વયે – કંપની ના પત્ર તા.૦૫–૦૨–૧૮ તેમજ વિભાગીય કચેરી ના ઈ–મેઈલ તા.૦૭–૦૨–૧૮ મુજબ – સદર મીટર સીરીયલ નં.: પીજીએસટી ૦૧૬૫૫૭૮૨ – ને ફોલ્ટી જાહેર કરેલ છે. જેથી – નામ. જીઈઆરસી ના નોટીફિકેશન ન.: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ મુજબ ની વિગતે – મીટર ફોલ્ટી હોય – જેથી મીટર ઉતાર્યા પહેલાના અથવા પછી ના – તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર ના સમયગાળા ના, ૦૩ બીલીંગ દરમ્યાન, સ્થપાયેલ ખરેખર વાસ્તવિક યુનીટ અન્વયે ની પ્રતિ બીલીંગ સરેરાશ મુજબ – સદર નિયમાધીન બાબત ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે જુન–જુલાઈ– ૧૭ નુ વીજબીલ – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા રીવાઇઝ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – સવાલવાળુ વીજબીલ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા જરૂરી કાર્યવાહી કરી રીવાઇઝ કરી – અને તે બાબતે ની લેખીત જાણકારી અરજદાર શ્રી ને આપવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.